અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા બાબત..

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(આદિજાતિ વિકાસ),
ઠરાવક્રમાંક-પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તા- 17 NOV 2000

**ઠ રા વ :-**

અનુસૂચિત જનજાતિના લોકોની નબળી આર્થિક અને સામાજિક પરિસ્થિતિને કારણે અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જઈ શકતા નથી આથી વિદેશ અભ્યાસ અર્થે અનુસૂચિત જનજાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. રાજ્ય સરકારે આ બાબતમાં પુખ્ત વિચારણા બાદ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે નીચે જણાવ્યા પ્રમાણેની લોનની યોજના અમલમાં મૂકવાનું ઠરાવેલ છે.

(૧) અનુસૂચિત જનજાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ જે તે વિદ્યાશાખામાં વિશેષ યોગ્યતા મેળવેલ હોય કે અદ્વિતીય ઉપલબ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને/અરજદારોને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા, પી.એચ.ડી., તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.

(૨) મૂળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે. આ યોજનાનો લાભ અનુસૂચિત જનજાતિના એક કુટુંબના એક સંતાનને મળવાપાત્ર થશે. આ યોજનામાં કુટુંબની આવક મર્યાદા ધ્યાને લેવામાં આવશે નહીં.

(૩) દર વર્ષે અનુસૂચિત જનજાતિના પાંચ વિદ્યાર્થીઓને આ યોજનો લાભ આપવામાં આવશે.

(૪) આ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં કે ભારતના જે અભ્યાસક્રમો કે પદવીઓ માટેની સવલત ઉપલબ્ધ ન હોય તેવા અભ્યાસક્રમો કે પદવીઓ માટેજ લોન આપવાની રહેશે.

(૫) લોનની વસુલાત વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂરો થાય પછી ૭ માસ પછીથી શરૂ કરવામાં આવશે. લોનની વસુલાત લાભાર્થીની અનુકૂળતા મુજબ માસિક/ત્રિમાસિક હપ્તામાં વસુલ કરવામાં આવશે. પરંતુ લોનની સંપૂર્ણ વસુલાત ૧૦ વર્ષમાં પૂરો

..૨..

કરવાનો રહેશે. મૂળ રકમ ભરપાઈ થયા બાદ વ્યાજ પણ તે પ્રમાણે વસૂલ કરવાનું રહેશે. નિયમિત લોન/વ્યાજના હપ્તા ન ભરનાર પાસેથી લોનની એકસામટી રકમ તે પરના વ્યાજની રકમ ઉચિત જમીન મહેસુલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૬) લાભાર્થીએ બે સધ્ધર જામીનો રજૂ કરવાના રહેશે.

(૭) વિદેશમાં જતા પહેલાં અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વીસા, વિદેશમાંની માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યા અંગેનો પત્ર વગેરે આધાર રજૂ કરવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ભારતમાં તેમની સેવાઓ ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો [illegible] લાભાર્થી પરદેશમાં સ્થાયી થશે તો આવી લોનની રકમ વ્યાજ સાથે એકસામટી રાજ્ય સરકારને પરત કરવાની રહેશે. આમાં કોઈ છૂટછાટ આપવામાં આવશે નહીં. જો લાભાર્થી આવી રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તે રકમ તેના જામીનદારો પાસેથી સરખા ભાગે વસૂલ કરવામાં આવશે અને જો જામીનદારો આ રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેમની પાસેથી તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૯) આવા અભ્યાસક્રમમાં દાખલ થવા ઇચ્છતા ઉમેદવારના કોઈ સગાસંબંધી વિદેશમાં રહેતા હોય તો લાભાર્થીને તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઈએ નહીં.

(૧૦) લાભાર્થીએ આ યોજના હેઠળ લોનની રકમ રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા દ્વારા નિયત થયેલ વિનિમયના દરે ચુકવવામાં આવશે અને રીઝર્વ બેન્કની નિયમ અનુસારની મંજૂરી લેવાની રહેશે.

(૧૧) લાભાર્થીએ તેને લોનનાં નાણાં મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અભ્યાસક્રમ શરૂ કરવાનો રહેશે. વળી, લાભાર્થીએ તેના અભ્યાસક્રમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ સંબંધિત શૈક્ષણિક સંસ્થામાંથી મેળવીને "નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું", ગુજરાત રાજ્ય, ગાંધીનગરને નિયમિત રજૂ કરવાનો રહેશે.

2. આ યોજના હેઠળ ઉમેદવારની અરજી મળતાં કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી જરૂરી સંપૂર્ણ ચકાસણી કરી મંજૂરી આપવાની રહેશે. અને અરજદાર પાસેથી યોગ્ય સ્વરૂપમાં એગ્રીમેન્ટ લેવામાં આવે તેમજ તમામ શરતોનું પાલન થાય તે જોવાની જવાબદારી કમિશનરશ્રીની રહેશે.

3. આ યોજના માટે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ અંદાજપત્રમાં વિભાગ-૧ ની નવી બાબત તરીકે કરેલી રૂ.૧૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ૨૨૨૫-અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૦૨-અનુસૂચિત જનજાતિનું કલ્યાણ-બીસીકે-૧૩૬ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન હેઠળ ઉધારવાનું રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તારીખ-૧૨-૧૦-૨૦૦૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.બી.ચૌધરી)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(આદિજાતિ વિકાસ).

તારીખ 17 NOV 2000

પ્રતિ,
મા.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા),
મા.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર,
મા.આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ,
અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર,
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ(આદિજાતિ),
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત),
નાણાંકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આદિજાતિ વિકાસ)ની સર્વે શાખાઓના
શાખા સિવાય),
પસંદગી ફાઈલ.

અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા બાબત..

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક-પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા- 25 NOV 2000

વંચાણે લીધા-આ વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક-પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-ગ.

**સુ ધા રો :-**

ઉપર આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૦ ના ઠરાવના પેરા-૧ માં ક્રમાંક-(૧૦)માં ''નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ ખાતું'' શબ્દો ટાઈપ થયેલ છે તેને બદલે ''કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ'' શબ્દો સુધારીને વાંચવા, તથા બાકીનાં પેરા ક્રમાંક-૩, ૪ અને ૫ વાંચવા.-

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રવાના તા. 25 NOV 2000 સહી

(પી.બી.ચૌધરી)
નાયબ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,
મા.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા),
મા.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર,
મા.આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ,
અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ(આદિજાતિ),
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી([illegible]),
[illegible]કારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગાંધીનગર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આદિજાતિ વિકાસ)ની સર્વે શાખાઓના [illegible] સિવાય),
પસંદગી ફાઈલ.

અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતાં વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા માટે લોન આપવા બાબત

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-૨૦૦૧-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ 6 FEB 2001

વંચાણે લીધા : ૧. આ વિભાગના તા. [illegible]-૧૧-૨૦૦૦ ના ઠ.ક. : પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-ગ
૨.આ વિભાગના તા.૨૫-૧૧-૨૦૦૦, ઠ. ક. : પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-ગ

સુધારા ઠરાવ :-

ઉપર આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૦ ના ઠરાવના પેરા-૧ ના ક્રમાંક-૧૧ પછી ક્રમાંક-૧૨ નીચે મુજબ ઉમેરવામાં આવે છે.

"(૧૨) આ યોજનામાં વિદેશમાં અભ્યાસ માટે ખરેખર થતા પાત્ર / થયેલ ખર્ચ અથવા રૂ.૫.૦૦ લાખ એ બેમાંથી જે ઓછી તેટલી રકમની લોન વાર્ષિક ૪ ટકાના વ્યાજના દરે આપવામાં આવશે."

આ ઉપરાંત ફકરા ક્રમાંક-૪ માં આ અંગેનો ખર્ચ પછી "માંગણી ક્રમાંક-૯૪ અને ગૌણ સદર ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના" ઉમેરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પી.બી.ચૌધરી
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

તારીખ FEB 2001

- મા.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- મા.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર
- મા.આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ,૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આદિજાતિ)
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
- નાણાંકીય સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગાંધીનગર
- સા.ન્યા. અને અધિ. (આ.વિ.) વિભાગની સર્વે શાખાઓ
- આયોજના વહીવટદારશ્રી (સર્વે)
- કાર્યપાલક નિયામકશ્રી, આદિજાતિ વિકાસ નિગમ કચેરી, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ

-૩-

ડૉ.પી.કે.દાસના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ સમિતિની ભલામણો અન્વયે શૈક્ષણિક તેમજ આર્થિક ઉત્કર્ષની લોનને લગતી યોજનાઓ આદિજાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(આદિજાતિ વિકાસ),
ઠરાવ ક્રમાંક-પીએમએસ-૨૦૦૧-૫૦૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩/૭/૨૦૦૧

વંચાણે લીધા:-

(૧)આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૬/૭/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક-ટીડીપી-૨૦૦૦-૪૭૬-ગ.
(૨)આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૦ના ઠરાવ ક્રમાંક-પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-ગ.
(૩)આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫-૧૧-૨૦૦૦ના સુધારેલ ઠરાવ ક્રમાંક-પીએમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-ગ.
(૪)આદિજાતિ વિકાસ વિભાગના તા.૬-૨-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક-પીએમએસ-૧૦૯૯-ન.બા.૪૫-૨૦૦૧-ગ.

ઠ રા વ :-

સરકારશ્રીના જુદા જુદા વિભાગો હેઠળ અમલમાં મૂકવામાં આવતી યોજનાઓની ઘણીવાર કામગીરી બેવડાતી હોય છે. તથા તેની ઉપયોગીતા જણાતી ન હોય તેવી યોજનાઓને તબદીલ કરવા તથા જરૂર જણાય તે યોજનાઓને સંકલિત કરવાની કામગીરી મુલ્યાંકન કરવા નાણાં વિભાગે ડૉ.પી.કે.દાસ, આઈ.એ.એસ. ના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી હતી અને આ સમિતિએ સરકારશ્રીને અહેવાલ રજુ કરેલ હતો. સરકારશ્રીએ આ અહેવાલની ભલામણો ઉપર કાળજીપૂર્વક વિચારણા કરીને, આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આમુખ(૧)થી(૪)માં દર્શાવેલ ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ શૈક્ષણિક તેમજ આર્થિક ઉત્કર્ષની લોનને લગતી યોજનાઓ કે જેમાં લાભાર્થીઓની સંખ્યા ઘણાજ ઓછા પ્રમાણમાં હોય છે તેવી નીચે જણાવેલ યોજનાનો અમલ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના હસ્તક મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧)(બીસીકે-૧૩૬)-અનુસુચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા બાબત.

૨. ઉપર જણાવેલ યોજનાનો અમલ વંચાણે લીધેલા ક-૧ થી ૪ ના ઠરાવોની જોગવાઈને શરતોને આધિન ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત

કરાવવા સરકારશ્રીએ નિર્ણય કરેલ હોઈ હવે ઉક્ત યોજનાઓના અમલની સંપૂર્ણ કામગીરી ગુજરાત આદિજાતિ વિકાસ નિગમે કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.,

(પી.બી.ચૌધરી)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(આદિજાતિ વિકાસ).

પ્રતિ,
-માં.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(આ.વિ.)નું કાર્યાલય, ગાંધીનગર,
-કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બ્લોક નં.૪, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર,
-મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર,
-નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
-સચિવાલયના સર્વે વિભાગો,
- વિભાગની સર્વે શાખાઓ,
-જીલ્લા તકેદારી અધિકારીશ્રીઓ,
-સિલેકટ ફાઇલ.

૨૩૭૦૧(૪)નાથી

અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા માટે લોન આપવા બાબત.

ગુજરાત સરકાર
સુધારા ઠરાવ ક્રમાંક : પીએમએસ-૧૦૯૯-ન.બા.૪૫-ગ,
આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૩-૧૦-૨૦૦૬

વંચાણે લીધા :-

(૧) આ વિભાગનો તા. ૧૭-૧૧-૨૦૦૦ ના સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) આ વિભાગનો તા.૨૩-૭-૨૦૦૧ નો ઠરાવ ક. પીએમએસ-૨૦૦૧-૫૦૯-ગ.

પ્રસ્તાવના :-

આમુખમાં જણાવેલ આ વિભાગના તા. ૧૭-૧૧-૨૦૦૦ અને (૨) તા.૨૩-૭-૨૦૦૧ ના ઠરાવો અન્વયે અનુસૂચિત જનજાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા અંગેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઉક્ત યોજનાના અમલમાં પડતી મુશ્કેલીઓના સંદર્ભમાં યોજનાની કેટલીક જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ યોજનામાં નીચે મુજબ સુધારો કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવ :-

(૧) આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૦ ના ઠરાવના ફકરા-૧ ના પેટા ફકરા-૪ આથી રદ કરવામાં આવે છે.

(૨) આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૦ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

(૩) આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૩-૧૦-૨૦૦૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

- મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- મા. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મા. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર
- મા. મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મા. મંત્રીશ્રી (રા.ક.) આદિજાતિ કલ્યાણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર
- શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
- આ કચેરીના વહીવટદારશ્રીઓ (તમામ)
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આ.વિ.)
- નાણાંકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ) ની સર્વે શાખાઓના શાખા સિવાય)
- સંગી ફાઈલે.

૧૧૩

અનુ.જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા બાબત..

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારી (આ.વિ.)વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : પીએમએસ/૧૦૯૯/ન.બા.૪૫/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૩૦/૦૫/૨૦૦૭

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૭/૧૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ
૨. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૨૩/૭/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૨૦૦૧/૫૦૯/ગ
૩. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૬/૨/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ
૪. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૩/૧૦/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ

પ્રસ્તાવના :-

આમુખમાં જણાવેલ આ વિભાગના વંચાણ ક્રમાંક (૧) તા:૧૭/૧૧/૨૦૦૦ (૨) તા:૨૩/૭/૨૦૦૧ના ઠરાવ અન્વયે અનુ. જનજાતિના તેજસ્વી વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા અંગેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તથા યોજના માં વંચાણ ક્રમાંક-(૩) અને (૪) ના સુધારા ઠરાવ બહાર પાડેલ છે ઉકત યોજનામાં અમલમાં કેટલીક જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ યોજનામાં નીચે મુજબ સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે

સુધારા ઠરાવ :-

આમુખમાં જણાવેલ આ વિભાગના તા: ૧૭/૧૧/૨૦૦૦ના ઠરાવની શરતોમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. શરત નં(૩)માં દરવર્ષે અનુ. જનજાતિના ૪૦ વિધાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

તેમજ શરત નં(૧૨) માં વંચાણ ક્રમાંક(૩) તા:૬/૨/૨૦૦૧ના ઠરાવમાં કરેલ સુધારામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. " આ યોજનાના વિદેશમાં અભ્યાસ માટે ખરેખર થવાપાત્ર / થયેલ ખર્ચ અથવા રૂા.૧૦.૦૦ લાખ આ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની લોન વાર્ષિક ૪(ચાર) ટકાના વ્યાજના દરે આપવામાં આવશે.

..૨..

આ સુધારો ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૧૮/૫/૦૭ નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મા. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મા. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (રા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ/ રાજકોટ
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોપોરેશન,ગાંધીનગર.
- ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી ગાંધીનગર
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(આ.વિ )
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ,(આ.વિ )
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ,